# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-07-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે
- કેન્દ્રીય મંત્રી હરદિપસિંહ પુરીએ જણાવ્યું છે કે, છેલ્લા દસ વર્ષમાં કેન્દ્ર સરકારે ગુજરાતને આર્થિક સહાયમાં 340 ટકાનો વધારો કર્યો
- નવી દિલ્હી ખાતે યોજાયેલી નીતિ આયોગની બેઠકમાં વિકસિત ભારત @2047ના પ્રધાનમંત્રીના સંકલ્પને સાકાર કરવા મુખ્યમંત્રીએ ગુજરાતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી
- ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વ્યાજખોરીના દૂષણને ડામવા રાજ્ય સરકારની કટીબદ્ધતા વ્યક્ત કરી
- ડાંગના ‘શબરીધામ’ ખાતે શ્રદ્ધાળુઓની સુવિધા માટે 10 કરોડ રૂપિયાના ખર્ચે વિકાસકાર્ય શરૂ કરાયા

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચાર રજૂ કરશે. સવારે અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ આ કાર્યક્રમનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્ર પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમ જ માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

--------

## HARDIP SINGH PURI ON BUDGET

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપસિંહ પુરીએ જણાવ્યું છે કે, કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે રજૂ કરેલું અંદાજપત્ર એ ભારતને 2047 સુધીમાં વિશ્વના ટોચના ત્રણ અર્થતંત્રમાંનું એક બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

અમદાવાદમાં પત્રકાર પરિષદને સંબોધતા શ્રી પુરીએ બિહાર અને આંધ્રપ્રદેશને જ અંદાજપત્રમાં વિશેષ સહાય આપી હોવાના વિરોધપક્ષના આરોપને વખોડી કાઢ્યો હતો. તેમણે જણાવ્યું કે, છેલ્લા 10 વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને મળતી આર્થિક સહાયમાં 340 ટકાનો વધારો થયો છે. સેમિ-કન્ડક્ટર, પવન ઊર્જા પ્લાન્ટ સહિતના કેટલાક વિકાસકાર્યો રાજ્યને ફાળવવામાં આવ્યા છે.

શ્રી પુરીએ કહ્યું કે, અંદાજપત્ર યુવાનોને કૌશલ્ય પ્રદાન કરીને તેમને પગભર બનાવવા, માળખાકીય વિકાસને મજબૂત બનાવવા તેમ જ ઊર્જાના ટકાઉ સંશાધનો વિકસાવવા પર વિશેષ ભાર મૂકે છે.

(બાઇટ- હરદીપસિંહ પુરી, પેટ્રોલિયમ મંત્રી)

------------------

## CM NITI AAYOG

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં આયોજિત નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સીલની નવમી બેઠક સંપન્ન થઇ હતી. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારત@૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના ધ્યેય મંત્ર સાથે રાજ્ય સરકારે ગુજરાત@૨૦૪૭ રોડમેપ તૈયાર કર્યો છે તેમ પણ તેમણે બેઠકમાં જણાવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ લક્ષ્યો સિદ્ધ કરવા માટેની થિંક ટેંક તરીકે ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સ્ફોર્મેશન-GRIT(ગ્રિટ)-ની સ્થાપના કરવાની નેમ વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીએ પી.એમ. ગતિશક્તિ, આરોગ્ય, નારી ગૌરવનીતિ, શ્રીઅન્ન, પ્રાકૃતિક ખેતી, ડિજિટલ એગ્રીકલ્ચર મિશન, એમ.એસ.એમ.ઈ., અમૃત સરોવર જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં રાજ્ય સરકાર દ્વારા થઇ રહેલી કામગીરીને વર્ણવી હતી.

ગુજરાતમાં દેશની પ્રથમ સેમિકન્ડક્ટર ચીપનું ઉત્પાદન,સેમિકન્ડક્ટર્સ, બ્લોકચેઈન અને એ.આઈ. વગેરે જેવા ભવિષ્યના ક્ષેત્રોમાં આજની યુવા પેઢીને તાલીમબદ્ધ કરવાના પ્રયાસો પર રાજ્ય સરકારે ફોકસ કર્યો હોવાનો તેમણે ઉલ્લેખ કર્યો હતો. ખેતી, બિન ખેતી તેમજ પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે ગુજરાતમાં થઇ રહેલી કામગીરીને બેઠકમાં વર્ણવી હતી.

-------------

## HARSH SANGHVI – LOAN DHIRAN

તાપીના વ્યારા ખાતે પોલીસ દ્વારા લોન ધિરાણ કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પોલીસ દ્વારા બેન્કો સાથે સંકલન કરીને જરૂરિયાત મંદ લોકોને લોન આપવામાં આવી હતી. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે વ્યાજખોરીમાંથી જરૂરિયાતમંદ લોકોને મુક્ત કરાવવા સરકાર કટિબધ્ધ છે. આ પ્રસંગે શ્રી સંઘવીનાં હસ્તે લોન ધારકોને આજે ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં એક હજાર ત્રણસો ચૌર્યાસી લોકોને 36 કરોડ 36 લાખની લોનનું વિતરણ કરાયું હતું..

(બાઇટ - હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

------------------

## SHABARIDHAM

ડાંગમાં 29 જુલાઈથી એક મહિના દરમિયાન સાપુતારા મેઘ મલ્હાર પર્વ 2024 યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ મહોત્સવનું ઉદ્ઘાટન કરાશે.

સાપુતારા ગિરિમથકના પ્રવાસે આવતા પ્રવાસીઓ શબરીધામની મુલાકાત લેતા હોય છે. તેને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના માધ્યમથી શબરીધામ ખાતે અંદાજે 10 કરોડ રૂપિયાના ખર્ચે વિકાસકાર્ય શરૂ કર્યા છે.

શબરીધામ વિકાસ પ્રોજેક્ટના પ્રથમ તબક્કા અંતર્ગત લગભગ 4.89 કરોડ રૂપિયાના ખર્ચે યાત્રી નિવાસ તથા એડમિન બ્લૉકનું નિર્માણકાર્ય પૂર્ણ થયું છે. યાત્રી નિવાસમાં પ્રવાસીઓ માટે ભોજન શાળા, ડાઇનિંગ, સ્ટોર રૂમ, વૉશ એરીયા, શૌચાલય, 5 એકઝીકયુટીવ રૂમ, 3 સ્પેશિયલ રૂમ, વેટિંગ એરિયા, 11 બેડ ધરાવતી પુરૂષ ડોરમેટરી અને 11 બેડ ધરાવતી સ્ત્રી ડોરમેટરી, 2 લિવિંગ રૂમ અને કિચન એરિયા જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે.

. . . . . . . . . . . . . . . . .

## JAMNAGAR BETHAK

જામનગર શહેરી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી કોલેરાના અને ચાંદીપુરા વાયરસના કેસ વધી રહ્યા છે.તેને નિયંત્રણમાં લેવા માટે તંત્ર સતર્ક બની ગયું છે અને રોગચાળો નાબૂદ કરવા સજ્જ બન્યું છે, જામનગર

મહાનગરપાલિકાના કમિશનર ડી.એન. મોદીએ એક ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી જેમાં શહેરની રોગચાળાની સ્થિતિની સમીક્ષાકરવામાં આવી હતી..જામનગરમાં શહેરી વિસ્તારમાં અત્યાર સુધીમાં 24 જેટલા કોલેરાના પોઝિટિવ કેસ નોંધાયા છે અને કોલેરાના લક્ષણ ધરાવતા 231 લોકોની સારવાર કરવામાં આવી છે .શહેરીજનોને કોલેરાના કે ચાંદીપુરાના લક્ષણો દેખાતા તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રમાં તપાસ કરાવવા તંત્ર દ્વારા અપીલ કરાઈ હતી

(બાઈટ : ડી.એન. મોદી, કમિશનર જામનગર મહાનગરપાલિકા)

------------------

# AMC FOOD

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ 2024 હેઠળ ખાદ્ય પદાર્થ વેચતા એકમોની તપાસ કરવામાં આવી હતી..જેમાં 14થી 27 જુલાઇ દરમિયાન 220 જેટલા વિવિધ શંકાસ્પદ નમૂના લેવાયા હતા તેમજ એક હજાર એકસો ચોસઠ એકમોની તપાસ કરીને 417 એકમોને નોટિસ ફટકારવામા આવી હતી.. આ તપાસ દરમિયાન અખાધ્ય 993 કિલોગ્રામ ખોરાકનો નાશ કરાયો હતો તેમજ 807 લીટર જેટલા પ્રવાહી પદાર્થનો નાશ કરાયો હતો.

આ કામગીર દરમિયાન 6 લાખ 94 હજાર કરતાં વધુનો દંડ વસૂલ કરવમાં આવ્યો હતો.. અમદાવાદ મહાનગર પાલિકાના ફૂડ વિભાગ દ્વારા ચાર જેટલી

બ્રાન્ડના ખાદ્ય તેલને વિચાણ માટે અટકાવી દેવાયા હતા..ચાર જેટલા રેસ્ટોરામાંથી જે નમૂના લેવાયા હતા તે ગેરલાયક ઠેરવાયા હતા.

------------------

## RAIN

રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું છે.. ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી રિસ્પોન્સ સેટર દ્વારા જાહેર કરાયેલા સાંજના છ વાગ્યા સુધીની આંકડા અનુસાર 49 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ મહિસાગર જીલ્લાના વિરપૂરમાં અને સંતરામપુરમાં વરસાદ નોંધાયો છે..

------------------

## NEWS IN BRIEF

**હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં બિલ્ડર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયાના ભરૂચ ચેપ્ટર દ્વારા પશ્ચિમ વિભાગનો પરિસંવાદ યોજવામાં આવ્યો. આ બેઠકમાં ગુજરાત, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, અને ગોવાના બિલ્ડર્સ, કોન્ટ્રાક્ટર્સ અને બાંધકામ ઉદ્યોગને સાંકળતા ઉદ્યોગો માટે એક મંચ પર એકત્ર થઈ વિકાસલક્ષી ભાવિ કાર્યક્રમો ઘડવા માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.
- એશિયાઈ સિંહોનાં ક્ષેત્ર ગીર સહિત સમગ્ર વિસ્તારમાં સાવજ પ્રત્યે વિશેષ લગાવ છે. ૧૦ ઓગષ્ટ ના રોજ સિંહ દિવસ ઉજવણી સંદર્ભે નાયબ વન સંરક્ષક કચેરી

દ્વારા આગામી સપ્તાહે રવિવારે સિંહ સદન, સાસણ ગીરમાં કાર્યશાળા આયોજન કરવામાં આવ્યું છે.

- ભાજપ દ્વારા સિહોરમાં યોજાયેલ કારગિલ વિજય જનસભામાં  યજ્ઞેશ દવેનું વક્તવ્ય અને સૈનિકોં નું સન્માન કરવાનો  કાર્યક્રમ યોજાઇ ગયો .
- ધારાસભ્ય જીતુ વાઘાણી એ ગુજરાત સરકારના જાહેર હિસાબ સમિતિના અભ્યાસ પ્રવાસ અંતર્ગત ગિરિમથક સાપુતારા ખાતે સાંદિપની વિદ્યા સંકુલમાં બાળગોષ્ઠી કરીને જાહેર હિસાબ સમિતિના સદસ્યો સાથે વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવી.